## તાલુકા કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન 2022-23 માં

# કિસાન માધ્યમિક વિદ્યાલય નો પ્રોજેક્ટ પ્રથમ સ્થાને

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી મહીસાગરના સંયુક્ત ઉપક્રમે શાળા વિકાસ સંકુલ-1 લુણાવાડા તાલુકા નું ડૉ. વિક્રમ સારાભાઈ વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન 2022-23 તારીખ 23-12-2022 ના રોજ શ્રી કે. બી. પટેલ હાઈસ્કુલ, કીડીયા વખતપુર મુકામે યોજાઈ ગયું જેમાં સંકુલની આશરે 60 શાળાઓએ ભાગ લીધો હતો અને કુલ 85 જેટલા પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા.

કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડાના વિજ્ઞાન પ્રવાહના બાળકો દ્વારા વિભાગ-1 (માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી ) માં બનાવેલ પ્રોજેક્ટ "4-D સ્માર્ટ સિસ્ટમ" તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે .આ પ્રોજેક્ટ શાળાના બાળ વૈજ્ઞાનિકો ધ્રુવ પટેલિયા તેમજ સચિન ભોઈ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેનું માર્ગદર્શન શાળાના ભૌતિકવિજ્ઞાન શિક્ષક શ્રી  નિરવકુમાર ત્રિવેદી દ્વારા પૂરું પાડવામાં આવેલ હતું. આ પ્રોજેક્ટ શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તેમ છે. આ ઉપરાંત વિભાગ-3(સ્વાસ્થ્ય અને સ્વચ્છતા)માં બનાવેલ પ્રોજેક્ટ "ઇમ્પ્યુનો થેરાપી" નો તાલુકા કક્ષાએ બીજો નંબર પ્રાપ્ત થયેલ છે. આ પ્રોજેક્ટ શાળાના બાળ વૈજ્ઞાનિકો ઋત્વી પટેલ તેમજ પ્રાચી પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ હતો જેનું માર્ગદર્શન શાળાના જીવવિજ્ઞાન શિક્ષિકા શ્રીમતી પીનલબેન પટેલ દ્વારા આપવામાં આવેલ હતું.

વિભાગ-1 માં પ્રથમ સ્થાન મેળવનાર પ્રોજેક્ટ હવે જિલ્લા કક્ષાએ કિસાન માધ્યમિક વિદ્યાલય , લુણાવાડા નું પ્રતિનિધિત્વ કરશે.

ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં શાળાના ઉત્કૃષ્ટ દેખાવ બદલ શાળાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી મૌલિકભાઈ પટેલ ,શાળાના આચાર્ય શ્રી હિતેશકુમાર પટેલ તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા બાળ વૈજ્ઞાનિકો તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




